

# બાબા સિદ્દીકી, સલમાન, શાહરૂખ, લૉરેન્સ બિશ્નોઇ, બોલિવૂડ, અંધારી આલમ

# કહાની એકદમ ફિલ્મી..!

**વિકલ્પ**
★ દીપક આશર

મહારાષ્ટ્રમાં NCP (નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી)ના અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકની શનિવારે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેમના નિધન બાદ રાજનેતાઓની સાથે બોલિવૂડના અનેક કલાકારોએ શોક વ્યક્ત કર્યો છે. બાબા સિદ્દીકી દરેક વર્ગમાં ખૂબ જ લોકપ્રિય હતા. પછી એ તેમના ક્ષેત્રની પ્રજા હોય કે બોલિવૂડ કે પછી રાજકારણ. રાજકારણીઓની સાથે-સાથે બોલિવૂડના ઘણા કલાકારો સાથે પણ તેમના ગાઢ સંબંધો હતા. બોલિવૂડ સ્ટાર્સમાં તેમનો એટલો જ પ્રભાવ હતો જેટલો તેમના વિસ્તારના લોકોમાં હતો.

બાબા સિદ્દીકી આ વર્ષે કોંગ્રેસ છોડીને NCP (અજિત જૂથ)માં જોડાયા હતા. તેઓ 48 વર્ષ સુધી એકધારા કોંગ્રેસમાં રહ્યા હતા. અભ્યાસ દરમિયાન રાજકારણમાં તેમનો રસ જાગ્યો હતો. તેમણે કોંગ્રેસમાંથી વિદ્યાર્થી નેતા તરીકે પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. બાબા સિદ્દીકી મહારાષ્ટ્ર સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી પણ હતા.

બાબા સિદ્દીકી પ્રથમ વખત નગરસેવક તરીકે ચૂંટાયા હતા અને પછી રાજકારણની સફર શરૂ થઈ હતી. બાદમાં તેઓ 1999, 2004 અને 2009માં બાંદ્રા પશ્ચિમ બેઠક પરથી ત્રણ વખત મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાયા હતા. બાંદ્રા વેસ્ટ સીટ પર બાબા સિદ્દીકીએ લાંબા સમયથી વર્ચસ્વ જમાવ્યું હતું. બાબા સિદ્દીકી મહારાષ્ટ્ર સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી હતા. તેઓ મ્હાડા મુંબઈ વિભાગના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. તેમના રાજકારણના પ્રારંભિક તબક્કામાં તેઓ અભિનેતા સુનીલ દત્તને મળ્યા હતા. સુનીલ દત્ત કોંગ્રેસમાં સક્રિય હતા અને બાબા તેમને પોતાના માર્ગદર્શક માનતા હતા. કોંગ્રેસના દિવંગત સાંસદ સુનીલ દત્ત જ બાબા સિદ્દીકીને રાજકારણમાં લાવ્યા હતા. સુનીલ દત્તે સતત પાંચ વખત મુંબઈ ઉત્તર બેઠકનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

બાબા સિદ્દીકી કિશોરાવસ્થામાં 1977માં કોંગ્રેસમાં જોડાયા હતા. જ્યારે તેઓ ફેબ્રુઆરીમાં અજિત પવારની આગેવાની હેઠળની NCPનો ભાગ બન્યા હતા ત્યારે પણ તેમણે તેમની રાજકીય કારકિર્દીમાં સુનીલ દત્તની ભૂમિકા સ્વીકારી હતી. બાબાને 2014ની વિધાનસભા ચૂંટણીમાં મુંબઈ BJPના અધ્યક્ષ આશિષ શેલારે હરાવ્યા હતા.

બાબા સિદ્દીકી તેમની ભવ્ય ઈફ્તાર પાર્ટીઓ માટે ખૂબ જ પ્રખ્યાત હતા. દર વર્ષે તે રમઝાનના અવસર પર મુંબઈમાં મોટી ઈફ્તાર પાર્ટી આપતા હતા અને તેમાં બોલિવૂડ સ્ટાર્સ સલમાન ખાન, શાહરૂખ ખાન સહિતની મોટી હસ્તીઓ હાજરી આપતી હતી. બાબા સિદ્દીકીએ રાજનીતિમાં એવી પકડ બનાવી હતી કે મુંબઈના પ્રખ્યાત બોલિવૂડ સ્ટાર્સ પણ તેમની વાતને ટાળતા નહોતા. સ્ટાર્સ વચ્ચે વર્ષોની દુશ્મની પણ તેમની ઈફ્તાર પાર્ટીમાં ખતમ થઈ જતી હતી. સલમાન અને શાહરૂખ વચ્ચેનો અણબનાવ એક સમયે જાણીતો હતો પરંતુ પાંચ વર્ષ લાંબી ખટાશ 2013માં બંને સ્ટાર્સ બાબા સિદ્દીકીની ઈફ્તાર પાર્ટીમાં જોવા મળ્યા એ પછી ખતમ થઈ હતી. કહેવાય છે કે આ પછી તેમની વચ્ચે સમાધાન થયું હતું.

સલમાન અને બાબાની મિત્રતા ઘણી જૂની છે. આ કારણથી જ ઘણા સામાજિક મુદ્દા દરમિયાન તેઓ બંને એક સાથે જોવા મળતા હતા. 2020 અને 2021માં કોરોના લૉકડાઉન દરમિયાન પણ બાબાના પુત્ર જીશાન સિદ્દીકી સાથે સલમાનની ટીમે જરૂરિયાતમંદ લોકોની મદદ કરવાની વ્યવસ્થા કરી હતી. એટલું જ નહીં, તે સમયગાળા દરમિયાન તેમણે સાથે મળીને ઑક્સિજન માટે રઝળપાટ કરતા લોકોની પણ મદદ કરી હતી.

બાબાએ સલમાનને તેના ખરાબ સમયમાં પણ સાથ આપ્યો હતો. સલમાન ખાન જ્યારે હિટ ઍન્ડ રન કેસ અને કાળિયારના શિકાર કેસમાં મુશ્કેલીમાં હતા ત્યારે બાબા સિદ્દીકી તેમની પડખે ઊભા રહ્યા હતા. સલમાન ખાનના કેસની જ્યારે પણ સુનાવણી થતી ત્યારે બાબા સિદ્દીકી કોર્ટ રૂમમાં તેની નજીક જ રહેતા અથવા પરિવાર સાથે ઊભા રહેતા હતા.

થોડા સમય અગાઉ લોરેન્સ બિશ્નોઈ ગેંગે સલમાન ખાનને મારી નાખવાની ધમકી આપી હતી ત્યારે બાબાએ તેના પર અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે સલમાનને જાનથી મારી નાખવાની ધમકી આપનારા લોકોની ધરપકડ કરવાની માગણી કરી હતી.

હવે એ જાણીએ કે બાબા સિદ્દીકીની હત્યામાં જેનું નામ સામે આવે છે એ લૉરેન્સ બિશ્નોઇ કોણ છે? લૉરેન્સ બિશ્નોઈની ઉંમર લગભગ 31-32 વર્ષની છે. પંજાબના ફાઝિલ્કાના ધતરાંવાલી ગામમાં જન્મેલા બિશ્નોઈ પરિવારના છોકરા લૉરેન્સનું નામ પણ રસનો વિષય છે. પોલીસના રેકૉર્ડ મુજબ લૉરેન્સ બિશ્નોઈનું અસલી નામ સતવિંદર સિંહ છે. જો કે ઘણા મીડિયા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે બાળપણમાં તે એકદમ ગોરા રંગનો હતો તેથી તેના પરિવારે તેને લાડથી 'લૉરેન્સ' તરીકે બોલાવવાનું શરૂ કર્યું હતું, જે પાછળથી તેના અસલી નામ કરતાં પણ વધુ વિખ્યાત બની ગયું હતું.

લૉરેન્સ બિશ્નોઈના પિતા લાવિંદર સિંહ હરિયાણા પોલીસમાં કૉન્સ્ટેબલ હતા. તેમણે 1992માં પોલીસમાં નોકરી કરી હતી પરંતુ પાંચ વર્ષ બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ ખેતીકામ શરૂ કર્યું હતું. લૉરેન્સ પંજાબના અબોહરથી 12મા ધોરણ સુધી ભણ્યો હતો અને પછી વધુ અભ્યાસ માટે 2010માં ચંદીગઢ પહોંચ્યો હતો. લૉરેન્સે ડીએવી કોલેજમાં ઍડમિશન લીધું હતું. ધીમે-ધીમે તેણે વિદ્યાર્થી રાજકારણમાં રસ લેવાનું શરૂ કર્યું હતું અને અહીં જ તેની મિત્રતા ગૉલ્ડી બરાડ સાથે થઈ હતી. આજે ગૉલ્ડી વિદેશમાં રહીને લૉરેન્સ બિશ્નોઈ ગેંગ માટે કામ કરે છે અને એક રીતે તે આ ગેંગનું સંચાલન કરી રહ્યો છે. લૉરેન્સે

**બાબા સિદ્દીકી તેમની ભવ્ય ઈફ્તાર પાર્ટીઓ માટે ખૂબ જ પ્રખ્યાત હતા. દર વર્ષે તે રમઝાનના અવસર પર મુંબઈમાં મોટી ઈફ્તાર પાર્ટી આપતા હતા અને તેમાં બોલિવૂડ સ્ટાર્સ સલમાન ખાન, શાહરૂખ ખાન સહિતની મોટી હસ્તીઓ હાજરી આપતી હતી**

વર્ષ 2011-2012માં પંજાબ યુનિવર્સિટી વિદ્યાર્થી સંગઠન (SOPU) ની સ્થાપના કરી અને પોતે જ તેનું નેતૃત્વ લઈ લીધું હતું.

હવે જાણીએ અંધારી આલમની વાત. 2010માં લૉરેન્સ બિશ્નોઈ સામે પહેલો કેસ નોંધાયો હતો. લૉરેન્સ બિશ્નોઈ સામે તેના વિદ્યાર્થીજીવનના અંતમાં દાખલ કરાયેલો પહેલો કેસ હત્યાના પ્રયાસમાં સંડોવણી બદલ હતો. આ ઘટના વર્ષ 2011-2012ની છે. તે સમયે સ્ટુડન્ટ રાજકારણમાં હારનો સામનો કર્યા બાદ ઉશ્કેરાયેલા લૉરેન્સના સાથીદારે એક વિદ્યાર્થી નેતા પર ગોળીબાર કર્યો હતો. તે ઘટનાની પોલીસ FIRમાં (ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપૉર્ટ) પ્રથમ વખત લૉરેન્સના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

2014માં લૉરેન્સ બિશ્નોઈની રાજસ્થાનમાં પહેલી વાર ધરપકડ કરવામાં આવી હતી અને તેને ભરતપુર જેલમાં મોકલવામાં આવ્યો હતો. તેને જ્યારે કોર્ટમાં હાજર થવા માટે મોહાલી (પંજાબ) લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે તે પોલીસ કસ્ટડીમાંથી ફરાર થઈ ગયો હતો.

વર્ષ 2016માં ફરી તેની ધરપકડ કરવામાં આવી હતી. વર્ષ 2021માં તેને સંગઠિત અને અંડરવર્લ્ડ અપરાધની દુનિયાથી રોકવા માટે લૉરેન્સને MCOCA (મહારાષ્ટ્ર કંટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ)ના કેસમાં સુરક્ષા કારણોસર તિહાર જેલમાં લાવવામાં આવ્યો હતો. તિહાર લાવવામાં આવતા પહેલાં તેને પંજાબની ભટિંડા જેલમાં રાખવામાં આવ્યો હતો. વર્ષ 2022માં સિદ્ધુ મૂસેવાલા હત્યા કેસમાં પંજાબ પોલીસ દ્વારા તેની (જેલમાંથી જ) ધરપકડ કરવામાં આવી હતી.

વર્ષ 2022માં ગુજરાત ATSએ ડ્રગ સ્મગલિંગ કેસમાં લૉરેન્સ બિશ્નોઈનું નામ લીધું હતું. આ કેસ કચ્છમાં એક પાકિસ્તાની જહાજમાંથી ડ્રગ્સના મોટા કન્સાઈનમૅન્ટ જપ્ત કરવાને લગતો હતો. પોલીસને શંકા હતી કે આ ડ્રગ્સનો જથ્થો મંગાવવામાં લૉરેન્સનો હાથ હતો. ત્યાર બાદ ગુજરાત પોલીસ લૉરેન્સને દિલ્હી જેલમાંથી બહાર કાઢીને 23 ઓગસ્ટ 2023ના રોજ ગુજરાતની સાબરમતી જેલમાં લઈ ગઈ હતી. ત્યારથી આજ સુધી તે સાબરમતી જેલમાં બંધ છે. 30 ઑગસ્ટ, 2023ના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે લૉરેન્સ બિશ્નોઈ સામે CRPCની કલમ 268 (1) પણ લગાવી હતી જેથી કોઈ પણ સંજોગોમાં તેને એક વર્ષ સુધી સાબરમતી જેલમાંથી બહાર લાવી શકાય નહીં. આ કારણે જ અલગ-અલગ કોર્ટમાં પેંડિંગ કેસોમાં લૉરેન્સની હાજરી વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા થઈ રહી છે.

સામાન્ય રીતે ગુનેગાર ગુનો કર્યા પછી પોલીસ અને કાયદાથી છુપાતો ફરે છે પરંતુ લૉરેન્સ બિશ્નોઈ અને તેની ગેંગ એવી છે કે કોઈ પણ મોટી ઘટના પછી સામેથી તેની જવાબદારી લે છે. દેશનાં અલગ-અલગ રાજ્યોમાં લૉરેન્સના સનસનાટીભર્યા અપરાધોની વાત કરીએ તો પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાનો હત્યા કેસ અને ત્યાર બાદ ગયા વર્ષે જયપુરમાં કરણી સેનાના પ્રમુખ સુખદેવ સિંહ ગોગામેડીની હત્યાનો મામલો ચર્ચામાં રહ્યો છે.